# વહીવટી કર્મચારીઓના મહેકમની સંખ્યા નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
યાદી ક્રમાંક : બમશ–૧૩૯૮/૫૦૦/–ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૯–૩–૯૮

**યાદી :** ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદેદારો તરફથી રજુઆત કરવામાં આવેલ છે કે રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વહીવટી કર્મચારીઓનુ મહેકમ વિદ્યાર્થીઓની સંખ્યામાં નજીવા ફેરફાર માટે પણ વહીવટી કર્મચારીઓનો મહેકમ વિદ્યાર્થીઓની સંખ્યામા નજીવા ફેરફાર માટે પણ વહીવટી કર્મચારીઓનો સંખ્યાબળમાં ફેરફાર થાય છે અને તેને કારણે ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. આ પ્રશ્નના તલસ્પર્શી અભ્યાસ માટે કમિટીની રચના કરે છે.

જે ટુંકમાં અહેવાલ આપનાર છે. જેના આધારે સરકાર નિર્ણય લેશે, તે દરમ્યાન વહીવટી કર્મચારીઓની સંખ્યામાં ૧૦ ટકા સુધની વધ ઘટ થાય તો ફેરફાર ધ્યાનમાં લીધા સિવાય ચાલુ રાખવું તેવુ આથી નકકી કરવામાં આવે છે. આ હુકમોનો અમલ તાત્કાલિક અસરથી કરવા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીએ સુચના આપવામાં આવે છે.

આ હુકમો અધિક મુખ્ય સચીવશ્રી, નાણાંની તા. ૬–૩–૯૮ ના રોજ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રનિા હુકમથી અને તેમના નામે,

બી.કે. ભટટ, (ઉપસચિવ)
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર